# " ઉત્તર ગુજરાતની સૌ પ્રથમ વૈદિક ગૌ શાળા "

હરિૐ ગૌ શાળા

**શ્રી હરિૐ ગૌધામ ગોખરવા** એક એવુ ગૌ મંદિર છે
જ્યાં લોકો ગૌ માતાનું સાનિધ્ય પ્રાપ્ત કરી સુઃખ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે,
નિત્ય ગૌ શાળા માં થતા યજ્ઞમાં સંકલ્પ મુકવામાં આવે છે કે,
ભારત વિશ્વગુરૂ  હો, સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર હો, ભારતીય સંસ્કૃતિની ધરોહર સાધુ-સંતો
અને ગૌ માતાની રક્ષા થાય, મારો દેશ વ્યશન મુક્ત બને એવો સંકલ્પ કરી
વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનમાં આહુતીઓ આપવામાં આવે છે.

**॥ ગાવો વિશ્વસ્ય માતરઃ ॥** ગૌ માતાનું આપણે પોષણ નથી કરતા
પરંતુ ગૌ માતા આપણું પોષણ કરે છે, એવી ભાવનાથી અહીં ગૌ માતાની સેવા કરવામાં આવે છે.

ગૌમાતાને સ્વતંત્ર રીતે ખેતર માં જૈવીક અને નૈસર્ગિક ચારો ખવડાવવામાં આવે છે.
તથા ૠતુ પ્રમાણે ઔષધિયુક્ત આહાર આપવામાં આવે છે. જેને કારણે ગૌ માતાનું સ્વાસથ્ય પણ
સારૂ રહે છે અને દુધ, ગૌ મુત્ર અને ગોબરની ગુણવત્તા પણ સુધરે છે.

ગૌ શાળાના **સ્થાપકશ્રી ભરતભાઈ ભોગીલાલ વ્યાસ** ઉચ્ચ કોટીના બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હોઈ
વંશ પરંપરાગત કૃષિ, ગૌ સેવા જેઓને વારસામાં પ્રાપ્ત થઈ. નાનપણથી જ તેમનું એક સ્વપ્ન હતુ કે
મારા ગામમાં એક સારી વૈદિક ગૌ શાળા બને જેમાં પાંચે પ્રકારની વિશ્વકલ્યાણી ગૌ માતાની સેવા થાય
એક સારૂ બાળ સંસ્કાર કેન્દ્ર હોય અને એક સારી યજ્ઞ શાળા હોય જેમાં
લોકો ભૌતિક જગતની સાથે સાથે આધ્યાત્મિક જગતમાં પણ અગ્રસર બને તેવી
ભાવનાથી **હરિૐ ગૌ શાળા**નું આ ભગીરથ કાર્ય શરૂ કરેલ છે.
જેમાં ગૌ સેવાર્થે જોડાવા આપશ્રી ને નમ્ર અરજ ...

Online : www.hariomgausewa.com

॥ વંદે ગૌ માતરમ્ ॥

# " ઉત્તર ગુજરાતની સૌ પ્રથમ વૈદિક ગૌ શાળા "

ગૌમાતાની રક્ષા માટે દરેક ભારતીય તન-મન-ધનથી તૈયાર રહે
રજી. નં. ઇ-૧૪૫૩/પાટણ
ગામ:ગોખરવા
તા. ચાણસ્મા,જી. પાટણ
હરિૐ ગૌસેવા અને ચેરીટેબલ ટ્રસ્ટ

## વિશ્વ કલ્યાણી પાંચ કામધેનુ ગૌ માતા



નંદા (જમદગ્નિ ૠષિ)



સુભદ્રા ( ભારદ્વાજ ૠષિ )



સુરભી (વશિષ્ઠ ૠષિ )



સુશીલા (અસીત ૠષિ )



બહુલા (ગૌતમ્ ૠષિ )

Online : www.hariomgausewa.com

## ગૌ મંદિર :



વિષ્ણુધર્માત્તરપુરાણના અનુસાર વ્યક્તિના કોઈપણ અનિષ્ઠ ની નિવૃત્તિ માટે ગૌ માતા ના પૂજનનું વિધાન કરેલ છે. અનેક પ્રકારના વિઘ્ન જેવા કે આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરે એ વ્યકિતને અસર કરતા નથી જે રોજ ગૌ માતાની સેવા કરતા હોય તથા નિત્ય ગૌ માતા માટે ,ઘાસ ચારો અને રોટીનું દાન કરતા હોય તલ, જઉ અને ગોળના બનેલા લાડુ નવ ગાયોને ખવડાવાથી તથા ગૌ માતાની પરિક્રમા કરવાથી સંતાનપ્રાપ્તી જેવા મનોવાંચિત ફળની પ્રાપ્તી થાય છે. ગૌ માતાના આગળના પગપર કંકુ, ચોખા, પુષ્પ, પાણી, દૂધ, ગોળ થી પૂજન કરવાથી ઘરમાં સુખ શાંતિ અને મોક્ષની પ્રાપ્તી થાય છે. જેના બાળકો કહેવામાં નથી ચાલતા, મનમાની કરતા હોય એવા બાળકોના માતા પિતા ગૌ માતાની નવ પરિક્રમા કરે તથા નિત્ય ગૌ માતાનું દૂધ બાળકને પીવડાવે તો બાળક સાહસીક અને આજ્ઞાકારી બને છે. **ગૌ શાળા માં દર્શનાર્થે આવતા લોકોને પણ આવી દુર્લભ પરિક્રમાનો લાભ મળે તેવા આસયથી ગૌ મંદિર બનાવવામાં આવી રહ્યું છે.**

---

## ગૌ યજ્ઞ શાળા :



વિશ્વકલ્યાણકારી વૈદિક સંસ્કૃતિનો મુળ આધાર વેદ છે. અને વેદ યજ્ઞમય છે. જે કર્મ વિશેષમાં દેવતા, હવનીયદ્રવ્ય, વેદ મંત્ર ઋત્વીક અને દક્ષિણા આ પાંચનો સંયોગ હોય એને યજ્ઞ કહે છે.

(રૂસ) માં ગાયના ઘી થી હવન કરીને એના વિશે અનુસંધાન કરવામાં આવ્યુ હતુ. જેટલી દુરીમાં એ હવન નો વાયુ પ્રસરાયો હતો એટલા વિસ્તારમાં તમામ પ્રકારના બેક્ટેરીયા તથા કિટાણું નાશ પામ્યા હતા. તે વિસ્તાર બેક્ટેરિયા અને કિટાણુંઓના પ્રભાવથી મુક્ત થઈ ગયો. કુત્રિમ વર્ષા કરવા માટે વૈજ્ઞાનિક મુખ્યરૂપથી પ્રોપલીન ઓક્સાઈટ ગેસનો પ્રયોગ કરે છે. આજ પ્રોપલીન ઓક્સાઈટ ગેસ આપણને ગાયના ઘી નો હવન કરવાથી પ્રાપ્ત થાય છે.

ગાયના ઘી ને ચોખા સાથે ભેળવીને હવન કરવાથી અત્યંત મહત્વપૂર્ણ ગેસ જેમકે ઈથીલીન ઓક્સાઈટ, પ્રોપલીન ઓકસાઈટ, ફાર્મલ્ડીહાઈડ વગેરે બને છે. ઈથીલીન ઓક્સાઈડ આજકાલ સૌથી વધારે પ્રમાણમાં ઉત્પન્ન થતા જીવાણું નાશક ગેસ છે. જે ઓપરેશન થીએટરથી લઈને જીવન રક્ષક ઔષધિ બનાવવામાં ઉપયોગી છે.

**" ગૌ શાળામાં વૈદિક મંત્રોચ્ચાર સાથે નિત્ય હવન કરવામાં આવે છે "**

---

## ગૌ પાલન અને કૃષિ કેન્દ્ર :



વૈદિકકાળમાં સમૃધ્ધ કૃષિનું મુખ્ય કારણ કૃષિનું ગૌ આધારિત હોવાનું હતુ. દરેક ઘરમાં ગૌ પાલન અને પંચગવ્ય આધારિત ખેતી થતી હતી. જ્યારે આપણે વિશ્વગુરૂના સ્થાન પર હતા ખેતીના પોષણ માટે ગોબર, ગૌમુત્ર યુક્ત ખાદ કૃષિ કાર્યો અને ભાર વહન હેતુ બળદ તથા ગ્રામોદ્યોગને અંતર્ગત પંચગવ્યોનું ઘર ઘર માં ઉત્પાદન કરાતુ હતુ. પ્રાચીન સમયથી જ ગૌ પાલન ભારતીય જીવન શૈલી અને અર્થ વ્યવસ્થાનું એક અભિન્ન અંગ રહ્યું છે.

**ગૌ પાલન અને કૃષિની ભાવના લોકોમાં પ્રબળ બને અને આવનાર સમયમાં વધુમાં વધુ લોકો ગૌ પાલનમાં જોડાય એવા પ્રયાસો અમારી સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યા છે.**

---

## મૌન મંદિર :



**" મનુષ્ય માત્રનું કર્તવ્ય છે ઇશ્વર પ્રાપ્તિ "**

મંત્રજાપ, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા મનુષ્યના શરીરમાં એક પ્રકારની વિશેષ સાત્વિક ઉર્જા ઉત્પન્ન થાય છે, આ ઉર્જા શરીરના જુદા-જુદા ભાગો માંથી વાયુ મંડળ માં જતી રહે છે પણ પીરામીડ ઉર્જાનો સંચય કરે છે. આપણી અંદરની ઉર્જાને બહાર નથી નીકળવા દેતુ તથા બ્રહ્માડની સાત્વિક ઉર્જાને આકર્ષિત કરે છે એના ફળ સ્વરૂપે સાધક સત્‌ત્‌ સાત્વિક ઉર્જાની વચ્ચે રહે છે.

**લોકો ભૌતિક જગતના સાથે સાથે આધ્યાત્મિક જગતમાં પણ અગ્રસર બને તેવી ભાવનાથી ગૌ શાળામાં સાધના મંદિર (મૌન મંદિર) બનાવાઇ રહ્યુ છે.**

## ગૌ જ્ઞાન ભુવન (બાળસંસ્કાર કેન્દ્ર) :




**" બાળ સંસ્કાર કેન્દ્ર, એક અગત્યનું પગલું "**

બાળકોની અંદર સામર્થનો અસીમ ભંડાર છુપાયેલો છે. જેને પ્રગટ કરવા માટે જરૂરી છે ઉત્તમ સંસ્કારનું સિંચન, ઉત્તમ ચારિત્ર્ય, શિક્ષા અને ભારતીય સંસ્કૃતિના ગૌરવનો પરિચય બાળકોને પરિવાર, પાઠશાળા અને આજુ બાજુના વાતાવરણ થી થાય છે. પહેલાના સમયમાં આ ત્રણેમાં સમાનતા હતી. ગુરૂકુળોમાં શિક્ષા પણ તે અનુસાર મળતી હતી. અને બહારના વાતાવરણમાં પણ એવાજ આચાર વિચાર જોવા મળતા હતા. જેની શિક્ષા એમને ઘર તથા ગુરૂકુળમાં મળતી હતી. પરંતુ અત્યારની સ્થિતિ એનાથી સર્વથા વિપરીત છે. આજે બાળક ઘરમાં કાંઈક અલગજ દેખે છે, પાઠશાળાઓમાં કંઈક બીજુજ ભણે છે અને બહારના સંસારના અનુભવ કંઈક અલગ જ હોય છે.આજકાલના દુષિત વાતાવરણમાં માંસાહાર, વ્યસનો પ્રતિ આકર્ષણ, અશ્લિલતાને ભડકાવવા વાળા દ્રશ્યો વગેરેને પ્રોત્સાહન મળે છે.પરંતુ જીવનનું ઉથ્થાન, નીતિપૂર્ણ આચરણ, સફળતાના શુલભ ઉપાય, આજના ગતિમાન યુગમાં વધી રહેલા ચિંતા તનાવો થી બચવાના નુસખા, માતા પિતા, અધ્યાપક બધાના પ્રિય બનવાની યુક્તિઓ વગેરે બાબતોનું વર્તમાન શિક્ષામાં ખુબજ અભાવ છે.આપણા દેશના બાળકોમાં સુસંસ્કારના સિંચન તથા એમના જીવનના સર્વાંગીક વિકાસ માટે **શ્રી હરિૐ ગૌ સેવા અને ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આવાજ બાળ સંસ્કાર કેન્દ્રો આપણા દેશમાં ઉદય પામે એવા પ્રયાસો અમારી સંસ્થા કરી રહી છે. આ સાથે જ અમારી સંસ્થાએ ભારતના તમામ ગામડા તથા શહેરોમાં એક બાળ સંસ્કાર કેન્દ્ર હોય તેવો શુભ સંકલ્પ કરેલ છે.**

**વેદ બિના મતિ નહી,**
**ગાય બિના ગતિ નહી.**

## :: ગૌ સેવા યોજનાઓ ::

| | |
|---|---|
| ગૌ શાળા વિકાસ અર્થે | રૂ.1,500/- |
| ગૌ દાન યોજના | રૂ.31,000/- |
| આજીવન તિથિ દાતા (એક દિવસ) | રૂ.15,000/- |
| સુકુ ઘાસ (એક ગાડી) | રૂ.31,000/- |
| લીલુ ઘાસ (એક ગાડી) | રૂ.15,000/- |
| વાર્ષિક ગૌ દત્તક યોજના | રૂ.15,000/- |

સર્વે ધર્મપ્રેમી મહાનુભાવોને વિનંતી છે કે, ગૌ સેવા ની આ યોજનાઓમાં સહયોગ આપી / અપાવી ગૌ સેવા નો લાભ લઇ ગૌ શાળા ને આપનો અમૂલ્ય સહયોગ પ્રદાન કરશો.

જન્મતિથિ , લગ્ન તિથિ, પુણ્ય તિથિ એ ગૌ માતાને સારો પ્રસાદ (લાડુ) ખાદ્ય પ્રસાદ તરીકે પીરસવામાં આવશે તથા જન્મતિથિ અને લગ્ન તિથિ એ ગૌ શાળા માં આપની સુઃખ શાંતિ અને સમૃદ્ધિ ના આશય થી યજ્ઞ કરવામાં આવશે તેમજ પુણ્ય તિથિ એ ગૌ શાળામાં શાંતિ પાઠ કરવામાં આવશે.

**ઉપરોક્ત ગૌ સેવાનો લાભ લેવા માટે સંપર્ક કરો**
**મો: 99131 53029, 97256 08794**

**ગૌ શાળાને આપેલ દાન આયકર ધારા 80 G ના અંતર્ગત કરમુક્ત છે.**

## પ્રેસનોટ ગેલેરી

### ગોખરવામાં હરિઓમ ગૌ શાળાનું ઉદ્દઘાટન



પાટણઃ ચાણસ્મા તાલુકાના ગોખરવા ગામે હરિઓમ ગૌ સેવા અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત ગૌશાળાનું રવિવારે ઉદ્દઘાટન સમારંભ યોજાયો હતો. જેમાં પ્રવચન આપતા ડી.જી.વણઝારાએ જણાવ્યુ કે ગાયનું દૂધ અને ગીતા અમૃત દરેક માતાએ તેના સંતાને પીવડાવવું જોઈએ. આ પ્રસંગે પૂર્વ ડીઆઈજી ડી.જી.વણઝારા, સ્વામી શિવાનંદ બાપુ , અવધકિશોર બાપૂ, મહંત રામગીરી બાપુ ,જોન ગૃપના મહેશભાઈ વ્યાસ, લાભશંકર રાજગૌર , સંસ્થાના પ્રમુખ ભરતભાઈ ભોગીલાલ વ્યાસ, હરીઓમ ભરતભાઈ વ્યાસ અને અશોકભાઈ દવે સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### હરિ ઓમ ગૌશાળા અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષા રોપણ કરાયુ

પાટણ :ચાણસ્મા તાલુકાની હરી ઓમ ગૌ સેવા અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગોખરવા ગામના વિસ્તારમાં આવતી વૃક્ષા રોપાણ કરવામાં આવ્યુ હતુ. અને અંદાજે 200 વૃક્ષો વાવવામા આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ભરતભાઈ વ્યાસ,ટ્રસ્ટી હરિઓમ વ્યાસ, અશોકભાઈ દવે, મંજુલાબેન વ્યાસ, હીરલબેન વ્યાસ સહિતનાઓ એ વૃક્ષા રોપણ કરી અને તેના જતનની પ્રતિજ્ઞા લીધી હતી

### દિવ્ય ભાસ્કર

### પેદાશપુરામાં અસરગ્રસ્તોને સાડીઓનુ વિતરણ કરાયું



પાટણ : પુર અસરગ્રસ્ત રાધનપુર તાલુકાના પેદાશપુરા ગામમાં હરી ઓમ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ ભોગીલાલ વ્યાસ, ટ્રસ્ટી મંજુલાબેન વ્યાસ, હરીઓમ વ્યાસ, અશોકભાઈ દવે, હિરલબેન વ્યાસ સહિતે ગામના અસરગ્રસ્ત પરિવારોને ફૂડપેકેટ અને મહિલાઓને સાડીઓનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.

### હરિ ઓમ ગૌ સેવા દ્વારા જરૂરિયાતમંદને મિઠાઇ વિતરણ

પાટણ | ચાણસ્મા તાલુકાના ગોખરવા ગામે ચાલતી હરી ઓમ ગૌ સેવા અને ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિપાવલી તહેવાર લઈને જરૂરીયાત મંદ લોકોને મીઠાઈ કિટ વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં ગોખરવા, ખોરસમ, ભાટવાસણા, મીઠીઘારીયાલ, ચાણસ્માના ઈન્દિરાપરા અને મહેસાણા પાલવાસણા ચોકડી વિસ્તારમાં અને સહિતના વિવિધ સ્થળો પર જઈને મીઠાઈના 1000 ઉપરાંત પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાના ભરતભાઈ વ્યાસ, ટ્રસ્ટી હરી ઓમ વ્યાસ, અશોકભાઈ દવે, શંભુજી ઠાકોર, મિત્તેશ ઠાકોર સહિત સેવા આપી હતી.

### ગોખરવા હરિઓમ ગૌશાળા અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિસનગરના બાળકોને કીટો અપાઇ

પાટણ | ચાણસ્મા તાલુકાના ગોખરવા ગામની હરીઓમ ગૌસેવા અને ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જન્માષ્ટમીના પાવન પર્વ પ્રસંગે વિશ્વગ્રામ ટ્રસ્ટ વિસનગર ખાતે સંચાલિત અનાથ આશ્રમના બાળકોને ફળાહાર તેમજ જીવનજરૂરી ચિજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવેલ હતુ. આ સેવાકિય પ્રવૃત્તિમાં હરિઓમ ગૌસેવા અને ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ વ્યાસ, મંજુલાબેન વ્યાસ, હરીઓમ વ્યાસ, જ્ઞાનેશ્વર એન. રાવલ, ધરતીબેન રાવલ, હિરલ વ્યાસ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.